ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 28th August, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગણેશ ચતુર્થી અંતર્ગત Eco Friendly Ganeshji Making Workshop દ્વારા પર્યાવરણ સાથે હાથ મિલાવી ગણેશજીનું સ્વાગત કરાશે**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી સતત કાર્યરત છે.

સંસ્કૃતિ અને સભ્યતાને વરેલો આપણો ભારત દેશ અવનવા ધર્મો અને તહેવારોને એક સૂત્રમાં બાંધીને એકતાનું પ્રતિનિધિત્વ કરતો રહ્યો છે. દરેક તહેવારોની ઉજવણી કંઇક વિશેષ હેતુ સાથે કરવામાં આવે છે, આ ઉજવણી પાછળનું વિજ્ઞાન પ્રકૃતિને સમજવા પ્રેરે છે, પરંતુ આધુનિક સમયમાં બાહ્ય આકર્ષણ અને ઓછા સમયમાં શ્રેષ્ઠ દેખાવ કરવાની હોડમાં લોકો પ્રકૃતિની સાથે રહીને આગળ વધવાને બદલે તેને થતા નુકસાનની પરવાહ કર્યા વગર કાર્ય કરવા પ્રેરાયા છે. આ સમયમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા પ્રકૃતિને સમજીને તેની સાથે રહીને કાર્ય કરવા લોક જાગૃતિના કાર્યોમાં સતત કાર્યરત રહ્યું છે.

આ વર્ષે ગણેશ ચતુર્થીના પવિત્ર તહેવારને પર્યાવરણ સાથે સાંકળી પ્રકૃતિ પ્રત્યેની લોક જાગૃતિને આગળ ધપાવવાના હેતુસર કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૦૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ને રવિવારનાં રોજ ગણેશ ચતુર્થીની ઉજવણીના ભાગ રૂપે માટી માંથી પર્યાવરણ મિત્ર ગણેશજી બનાવવાંની કાર્યશાળાનું આયોજન કરવામાં આવનાર છે.

આ કાર્યશાળામાં રસ ધરાવતા લોકોએ (૧૦ વર્ષ કરતા વધારે વયના) તા: ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ને શનિવારને સાંજના ૬:૦૦ કલાક સુધીમાં લોક વિજ્ઞાન કેન્દ્રની વેબસાઈટ www.krcscbhavnagar.org upcoming Event પર પોતાના નામની નોંધણી કરાવી લેવા અનુરોધ. વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : **8866570111** પર સંપર્ક કરી શકાશે.

નોંધ : આ સ્પર્ધામાં જરૂરી સામગ્રી ભાગ લેનાર વ્યક્તિએ સાથે લાવવાની રહેશે વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જરૂરી માટી આપવામાં આવશે. તથા જો તમે ગણેશજીને શણગાર કે કોઈ અન્ય વસ્તુ વડે વધારે આકર્ષક બનાવવા ઈચ્છતા હોય, તેમણે સામગ્રીની વ્યવસ્થા જેતે ભાગ લેનારે જાતે કરવાની રહેશે. કુલ ૨ કલાકની સમય મર્યાદામાં રહીને ગણેશજીની પ્રતિમા બનાવવાની રહેશે.

28/8/19
11 AM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.